


પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

**Gandhinagar Office :** Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-25 ■ અંક-09 ■ તા. 21-02-2021 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

### કોરોનાગ્રસ્ત દર્દી સાંજે ૫ થી ૬ સુધી કરી શકશે મતદાન

# આજે રાજકીય પાર્ટીઓ વચ્ચે ખરાખરીનો જંગ



### તમામ ચૂંટણી પ્રક્રિયાના સંચાલન માટે ૨૮,૧૬૧ પોલિંગ સ્ટાફ ફરજ પર તહેનાત

### ચૂંટણી તંત્ર દ્વારા ૪૮ વોર્ડમાં ૧૯૨ સીટ પર મતદાન માટે ૪૫૫૦ મતદાન મથકો તૈયાર કરાયા

અમદાવાદ,તા.૨૦

રાજ્યમાં છ મહાનગરપાલિકાના ચૂંટણીપ્રચારના પડઘમ શાંત થયા છે. ભાજપ, કોંગ્રેસ અને વિવિધ પક્ષોએ મતદારોને આકર્ષવા માટે દરેક ચૂંટણીદાવ અજમાવ્યા છે. રાજ્યમાં છ કોર્પોરેશનની ચૂંટણીમાં ૧૦ જેટલા રાજકીય પક્ષો મેદાનમાં છે, જેમાં ભાજપ, કોંગ્રેસ વચ્ચે સીધો જંગ છે. અન્ય પક્ષોમાં આમ આદમી પાર્ટી, એનસીપી, બીએસપી, જનતા દળ સેક્યુલર, સીપીઆઇ, એઆઈએમઆઈએમ સહિતના પક્ષો અને અપક્ષ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે. રાજ્યમાં ૨૧ ફેબ્રુઆરીએ છ મહાનગરપાલિકામાં મતદાન પ્રક્રિયા હાથ ધરાશે, જેમાં કુલ ૧,૧૪ કરોડ મતદારો મતાધિકારનો ઉપયોગ કરશે. રાજ્યમાં મહાનગરપાલિકાની ચૂંટણીમાં રાજ્યના ચૂંટણી તંત્ર દ્વારા ચૂંટણીપ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવી છે.

સવારથી અલગ-અલગ વોર્ડમાં ઈવીએમ મશીન મોકલી દેવામાં આવ્યા છે. ઈવીએમ મશીનને ચેક કરી અને એને ચુસ્ત પોલીસ-બંદોબસ્ત સાથે વોર્ડના મતદાન મથકો પર મોકલવામાં આવી રહ્યા છે. આજે રાતે ચુસ્ત પોલીસ-બંદોબસ્ત વચ્ચે ચૂંટણી તંત્ર દ્વારા શહેરમાં ૪૮ વોર્ડમાં ૧૯૨ સીટ પર મતદાન માટે ૪૫૫૦ મતદાન મથકો તૈયાર કરવામાં આવ્યા છે. સમગ્ર ચૂંટણીપ્રક્રિયાના વ્યવસ્થાપન ૧૬ રિટર્નિંગ ઓફિસર અને ૧૬ આસિસ્ટન્ટ રિટર્નિંગ ઓફિસર દ્વારા કરવામાં આવ્યું છે.

આ તમામ ચૂંટણી પ્રક્રિયાના સુચારુ સંચાલન માટે ૨૮,૧૬૧ પોલિંગ સ્ટાફને ફરજ પર તહેનાત કરવામાં આવ્યા છે. આજે સવારે મોક કોલ બાદ ૭ વાગ્યાથી મતદાન શરૂ થશે. સાંજે મતદાન પૂરું થયા બાદ ઈવીએમ ગુજરાત કોલેજમાં સ્ટ્રોંગ રૂમમાં મૂકવામા આવશે. રાજ્યમાં ૨૧ ફેબ્રુઆરીએ છ મહાનગરપાલિકાઓમાં મતદાનની અને ૨૩ ફેબ્રુઆરી, ૨૦૨૧ના દિવસે મતગણતરી હાથ ધરવામાં આવશે. આજે રાતે ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે ઈવીએમ મશીન ૪૮ વોર્ડના ૪૫૦૦થી વધુ મતદાન મથકમાં રહેશે. આજે સાંજે ૬ વાગ્યે મતદાન પૂર્ણ થયા બાદ સ્ટ્રોંગ રૂમમાં ઈવીએમ રાખવામાં આવશે. ચૂંટણી તંત્ર દ્વારા ૪૮ વોર્ડમાં ૧૯૨ સીટ પર મતદાન માટે ૪૫૫૦ મતદાન મથકો તૈયાર કરવામાં આવ્યા છે. સમગ્ર ચૂંટણી પ્રક્રિયાના વ્યવસ્થાપન ૧૬ રીટર્નીંગ ઓફીસર અને ૧૬ આસીસ્ટન્ટ રીટર્નીંગ ઓફીસર દ્વારા કરવામાં આવ્યું છે

અને તેઓ દેખરેખ રાખશે. મતદાન માટે તંત્ર દ્વારા ઈવીએમ હેઠળ કુલ ૧૦,૯૨૦ બેલેટીંગ યુનિટ અને ૫૪૬૦ કંટ્રોલ યુનિટ કાર્યરત કરવામાં આવ્યા છે. આ તમામ ચૂંટણી પ્રક્રિયાના સુચારૂ સંચાલન માટે ૨૮૧૬૧ પોલીંગ સ્ટાફને ફરજ પર તહેનાત કરવામાં આવ્યા છે. અમદાવાદ મહાનગરપાલિકામાં ચૂંટણીમાં ૨૩ લાખ ૭૧ હજાર ૬૦ પુરૂષ મતદાર અને ૨૧ લાખ ૭૦ હજાર ૧૪૧ સ્ત્રી મતદારો, ૧૪૫ જેટલા અન્ય મતદારો એમ કુલ ૪૫ લાખ ૪૧ હજાર ૩૪૬ મતદારો ચૂંટણીમાં મતદાન કરશે.

## સતત ૧૨માં દિવસે પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધારો: દિલ્હીમાં પેટ્રોલ ૩૯ પૈસા મોંઘુ થયું

ન્યુ દિલ્હી,તા.૨૦

પેટ્રોલ અને ડીઝલની કિંમતોમાં સતત ૧૨ માં દિવસે શનિવારે જોરદાર વધારો થયો છે. શનિવારે દિલ્હીમાં પેટ્રોલ ૩૯ પૈસા પ્રતિ લીટર મોંઘુ થઈ ગયું છે. આ સાથે અહીં પેટ્રોલની કિંમત ૯૦.૫૮ રૂપિયા પર પહોંચી ગઈ છે. ડીઝલ પણ ૩૭ પૈસા વધી લિટર દીઠ ૮૦.૯૭ રૂપિયા પર પહોંચી ગયું છે. મુંબઈમાં પેટ્રોલ ૯૭.૦૦ પર પહોંચી ગયું છે, જે મેટ્રો શહેરોમાં સૌથી વધુ છે. ભોપાલમાં એક્સપી પેટ્રોલ ૧૦૧.૫૧ રૂપિયામાં વેચાઈ રહ્યું છે. અહીં સામાન્ય પેટ્રોલની કિંમત પણ ૯૮.૬૦ રૂપિયા પર પહોંચી ગઈ છે. ડીઝલની વાત કરીએ તો, ભોપાલમાં તે પણ ૯૦ રૂપિયાની નજીક પહોંચી ગયું છે.

ભોપાલમાં ડીઝલની કિંમત ૮૯.૨૩ રૂપિયા છે. લખનઉમાં પેટ્રોલ ૮૮.૮૬ અને ડીઝલ ૮૧.૩૫ રૂપિયામાં વેચાઇ રહ્યું છે. મુંબઈમાં તે પ્રતિ લિટર ૮૮.૦૬ રૂપિયા પર પહોંચી ગયું છે. તે જ સમયે, એક લિટર ડીઝલ પટનામાં ૮૬.૨૨ રૂપિયામાં ઉપલબ્ધ છે. પેટ્રોલના ભાવ પણ અહીં ૯૨.૯૧ રૂપિયા પર પહોંચી ગયા છે. બીજી તરફ, પડોશી રાજ્ય ઝારખંડની રાજધાની રાંચીમાં પેટ્રોલ ૮૮.૦૮ અને ડીઝલ ૮૫.૬૦ રૂપિયામાં મળી રહ્યું છે. કોલકાતાની વાત કરીએ તો પેટ્રોલ ૯૧.૭૮ રૂપિયા અને ડીઝલ ૮૪.૫૬ રૂપિયા પ્રતિ લિટર પર મળે છે.છેલ્લા ૧૨ દિવસમાં પેટ્રોલ ૦૩.૨૮ રૂપિયા મોંઘુ થઈ ગયું છે. ડીઝલ ૩.૪૯ રૂપિયા મોંઘુ થઈ ગયું છે. આ વર્ષે ફક્ત જાન્યુઆરી અને ફેબ્રુઆરીની જ વાત કરીએ તો આ દિવસોમાં પેટ્રોલ ૬.૭૭ રૂપિયા મોંઘુ થઈ ગયું છે. નવા વર્ષમાં ડીઝલ ૦૭.૧૦ રૂપિયા પ્રતિ લિટર મોંઘુ થઈ ગયું છે. પેટ્રોલ અને ડીઝલની કિંમત દરરોજ સવારે છ કલાકે બદલાય છે. એટલે કે સવારે છ કલાકથી નવા દર લાગુ થઈ જાય છે.

## સુપ્રીમ કોર્ટનો આરબીઆઈને આદેશ: બેક્ક લોકર પર ૬ મહિનામાં બનાવો નિયમો

ન્યુ દિલ્હી,તા.૨૦

સુપ્રીમ કોર્ટે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાને બેંકોમાં લોકર સુવિધા વ્યવસ્થાપન અંગે ૬ મહિનામાં નિયમો બનાવવા જણાવ્યું છે. કોર્ટે સ્પષ્ટ કહ્યું હતું કે બેક્કો તેમના ગ્રાહકોને બેંક લોકર સેવાથી દૂર કરી શકશે નહીં. જસ્ટિસ એમ.એમ. શાંતાનાગૌડર અને જસ્ટિસ વિનીત સરનની ખંડપીઠે કહ્યું કે વૈશ્વિકરણની સાથે સામાન્ય લોકોના જીવનમાં બેક્કિંગ સંસ્થાઓની ભૂમિકા મહત્વપૂર્ણ બની ગઈ છે. સર્વોચ્ચ અદાલતે કહ્યું કે લોકો ઘરો પર રોકડ, ઘરેણાં વગેરે રાખવા અંગે અનિચ્છા બતાવે છે, કારણ કે આપણે ધીમે-ધીમે કેશલેસ અર્થવ્યવસ્થા તરફ આગળ વધી રહ્યા છીએ. તેથી, બેંકો દ્વારા પ્રદાન થયેલ લોકર એક આવશ્યક સેવા બની ગઈ છે. આ પ્રકારની સેવાઓનો લાભ નાગરિકો તેમજ વિદેશી નાગરિકો મેળવી શકે છે. તેમ છતાં ઈલેક્ટ્રોનિક સંચાલિત લોકર માટે એક વિકલ્પ છે, પરંતુ અમુક લોકો તેમાં ગડબડ પેદા કરી શકે છે.

જો લોકો તકનીકી રીતે જાણકાર ન હોય તો આવા લોકરનું સંચાલન પણ તેમના માટે મુશ્કેલ છે. ખંડપીઠે કહ્યું કે ગ્રાહકો સંપૂર્ણપણે બેંક પર નિર્ભર છે, જે તેમની સંપત્તિને સુરક્ષિત રાખવા માટે ખૂબ જ સક્ષમ છે. આવી સ્થિતિમાં બેંકો આ બાબતે પીછેહઠ કરી શકશે નહીં અને દાવો કરી શકે છે કે તેમના ગ્રાહકોને લોકર ચલાવવાની તેમની કોઈ જવાબદારી નથી. બેંકો દ્વારા આ પ્રકારની કાર્યવાહી માત્ર ગ્રાહક સુરક્ષા કાયદાની સંબંધિત જોગવાઈઓનું ઉલ્લંઘન નથી, પરંતુ રોકાણકારોના વિશ્વાસ અને ઉભરતા અર્થતંત્ર તરીકેની અમારી વિશ્વસનીયતાને પણ નુકસાન પહોંચાડે છે. કોર્ટે કહ્યું, ×જરૂરી છે કે આરબીઆઈ એક વ્યાપક ડાયરેક્શન લાવે, જે લોકરના સંદર્ભમાં બેક્કોએ કયા પગલા ભરવા જોઈએ તેનો આદેશ આપે. બેંકોને ગ્રાહકો પર એકપક્ષી અને અયોગ્ય શરતો લાદવાની સ્વતંત્રતા હોવી જોઈએ નહીં. તેને ધ્યાનમાં રાખીને અમે આરબીઆઈને આ આદેશના ૬ મહિનામાં આ સંદર્ભમાં યોગ્ય નિયમો બનાવવા સૂચના આપીએ છીએ. સુપ્રીમ કોર્ટનો આ નિર્ણય કોલકાતાના અમિતાભ દાસગુપ્તાની અપીલ પર લેવાયો છે. રાષ્ટ્રીય ગ્રાહક વિવાદ નિવારણ આયોગના આદેશ સામે દાસગુપ્તાએ અપીલ નોંધાવી હતી. તેણે ડિસ્ટ્રિક્ટ કન્ઝ્યુમર ફોરમ સમક્ષ અરજી કરી હતી, જેથી યુનાઇટેડ બેંક ઓફ ઈન્ડિયાને લોકરમાં રાખેલા ઝવેરાત પરત આપવા અથવા તેની કિંમત અને નુકસાનના બદલામાં વળતર રૂપે ૩ લાખ ચૂકવવા વિનંતી કરી હતી. રાષ્ટ્રીય ઉપભોક્તા વિવાદ સમાધાન પંચે રાજ્ય કમિશનના આદેશને સ્વીકાર્યો કે લોકરમાં રાખેલા માલની પુનઃપ્રાપ્તિના સંદર્ભમાં ગ્રાહક મંચનો અધિકારક્ષેત્ર મર્યાદિત છે.

### વડાપ્રધાન મોદીની અધ્યક્ષતામાં નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલની છઠ્ઠી બેઠક

## દેશનો મૂડ શું છે તેની જાણ થઈ ગઈ છે- વડાપ્રધાન મોદી



ન્યુ દિલ્હી,તા.૨૦

વડાપ્રધાન મોદીની અધ્યક્ષતામાં નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલની છઠ્ઠી બેઠક વિડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી થઈ હતી. ભારતમાં વેપાર કરવાનું સરળ બનાવવા (ઇઝ ઓફ ડુઇંગ) અને આર્થિક વિકાસને વેગ આપવા માટે કેન્દ્ર-રાજ્યોએ એકસાથે મળીને કામ કરવાની જરૂર છે. ખાનગી ક્ષેત્રને આત્મનિર્ભર ભારત કાર્યક્રમનો હિસ્સો બનવા માટે પૂરતી તક અપાવવી જોઈએ, એમ વડા પ્રધાને કહ્યું હતું. કેન્દ્રીય બજેટની સકારાત્મક પ્રતિક્રિયા 'મૂડ ઓફ ધ નેશન' જણાવે છે કે દેશ ઝડપથી વિકાસ કરી રહ્યો છે, એમ તેમણે કહ્યું હતું. કૃષિ ક્ષેત્રનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું હતું કે ખાદ્ય તેલ જેવી કૃષિ ચીજવસ્તુઓના ઉત્પાદન અને એની આયાત ઘટાડવા માટે પ્રયાસ કરવા જોઈએ, જેથી ખેડૂતોને લાભ થાય.કૃષિપ્રધાન દેશ હોવા છતાં રૂ. ૬૫,૦૦૦-૭૦૦૦૦ કરોડના ખાદ્ય તેલની આયાત બહારથી કરવી પડે છે. આપણે આ બંધ કરી શકીએ છીએ અને આ ખેડૂતોના ખાતામાં નાણાં જઈ શકે છે. આ પૈસાના હકદાર ખેડૂતો છે, પણ આના માટે ખેડૂતોને માર્ગદર્શન આપવું જરૂરી છે, એમ તેમણે કહ્યું હતું. છેલ્લાં કેટલાંક વર્ષોમાં બેક્ક ખાતા ખોલવામાં, રસીકરણ અને આરોગ્યની સુવિધામાં વધારો, મફત વીજ જોડાણ અને મફત ગેસ કનેક્શનથી ગરીબોના જીવનમાં અભૂતપૂર્વ પરિવર્તન જોવા મળ્યું છે

કોરોના કાળમાં રાજ્ય અને કેન્દ્ર સરકારે સાથે મળીને કામ કર્યું, જેનાથી દેશ સફળ થયો. ભારતના વિકાસનો પાયો એ છે કે કેન્દ્ર અને રાજ્યો એકસાથે કામ કરી રહ્યાં છે. અને કોઓપરેટિવ ફેડરલિઝમને વધુ સક્ષમ બનાવે છે. આપણે માત્ર રાજ્યો નહીં, પણ જિલ્લામાં પણ પ્રતિસ્પર્ધી, કોઓપરેટિવ ફેડરલિઝમ લાવવાના પ્રયાસ કરવા પડશે, એમ તેમણે કહ્યું હતું. બેઠક સંબોધિત કરતા પીએમ મોદીએ કહ્યું કે જયારે દેશ પોતાની આઝાદીના ૭૫ વર્ષ પુરા કરવા જઈ રહ્યો છે ત્યારે ગવર્નિંગ કાઉન્સિલની બેઠક વધુ મહત્વપૂર્ણ થઇ ગઈ છે. હું રાજ્યોને આગ્રહ કરું છુ કે આઝાદીના ૭૫ વર્ષ માટે પોત-પોતાના રાજ્યમાં સમાજના તમામ લોકોને જોડી સમિતીયોનુ નિર્માણ થાય.

પ્રધાનમંત્રીએ કહ્યું કે, અમે એ પણ જોઈ રહ્યા છીએ કે કેવી રીતે દેશમાં પ્રાઈવેટ સેક્ટર, દેશની આ વિકાસ યાત્રામાં વધુ ઉત્સાહથી આગળ વધી રહ્યા છે. સરકાર તરીકે અમારે આ ઉત્સાહનો પ્રાઈવેટ સેક્ટરની ઉર્જાનું સન્માન પણ કરવાનું છે. અને તેને આત્મનિર્ભર ભારત અભિયાનમાં એટલો જ અવસર પણ આપવાનો છે. પીએમ મોદીએ કહ્યું કે, ;આપણને કૃષિ પ્રધાન દેશ કહેવાતા છતાં આજે ૬૫૦૦૦-૭૦૦૦૦ કરોડ ખાદ્ય પદાર્થ આપણે બહારથી લઈએ છે. આપણે એ બંધ કરી શકીએ છીએ, આપડા ખેડૂતના ખાતામાં પૈસા જઈ શકે છે. આ પૈસાના હકદાર આપણા ખેડૂત છે પરંતુ એના માટે યોજના એવી બનાવવી પડશે. એના માટે ખેડૂતોને ગાઈડ કરવાની જરૂરત છે.

## ભારતની મંગલયાન -૨ 'રેડ પ્લેનેટ' માટે 'ઓર્બિટર' હોવાની સંભાવના

ન્યુ દિલ્હી,તા.૨૦

વહેલી સવારે યુએસ સ્પેસ એજન્સી નાસાના રોવર 'પર્સિવરન્સ' સફળતાપૂર્વક મંગળની સપાટી પર ઉતર્યા પછી ભારતીય અવકાશ સંશોધન સંગઠન (ઈસરો) ના વડા. સિવને મોડી સાંજે કહ્યું કે ભારતની મંગલયાન -૨ 'રેડ પ્લેનેટ' માટે 'ઓર્બિટર' હોવાની સંભાવના છે. ઈસરોના વડાએ મંગલયાન -૨ માટે કોઈ ચોક્કસ સમયમર્યાદાનો ઉલ્લેખ કર્યો નથી. જો કે, તેમણે કહ્યું હતું કે ભારતીય અવકાશ એજન્સીનું મંગળ પરનું આગામી મિશન ચંદ્રયાન -૩ પછી મોકલવામાં આવશે. ચંદ્રયાન -૩ દ્વારા ઈસરોનો ઉદ્દેશ પૃથ્વીના ઉપગ્રહ ચંદ્ર પર રોવર ઉતરવાનો છે, પરંતુ કોરોના વાયરસના રોગચાળાને કારણે લોકડાઉન લાગુ કરવામાં આવ્યું હોવાથી તે મોડું થઈ ગયું છે અને ૨૦૨૨માં રવાના થવાની સંભાવના છે. સિવને કહ્યું કે મંગળની સપાટી પર ઉતરવું વધુ મુશ્કેલ છે. ચંદ્રયાન -૩ બીજા ગ્રહ પર રોવર ઉતરવાની ઈસરોની ક્ષમતા પ્રદર્શિત કરશે. ઈસરોએ તેની સફળ મંગળ ઓર્બિટર મિશન (મંગલ્યાન), મંગળ ઓર્બિટર મિશન -૨ માટેની તેની આગામી યોજનાની ઘોષણા કરી છે.

તદનુસાર, હવે તે ભાવિ પ્રક્ષેપણની તકો શોધવા માટે મંગળ પર ઓર્બિટર મિશન મોકલવાની યોજના ધરાવે છે. શિવાને કહ્યું કે મંગલ્યાન -૧ હજી પણ સારું કામ કરે છે અને ડેટા મોકલવા છે. તેમણે કહ્યું કે ઈસરોએ વૈજ્ઞાનિકોને સંભવિત પ્રયોગો માટે સૂચનો આપવા જણાવ્યું છે અને તે મેળવવા માટેની પ્રક્રિયામાં છે. સિવને કહ્યું કે, સૂચન મળ્યા પછી, અમે એક પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરીશું અને (એક નિષ્ણાત) સમિતિમાં તેની ચર્ચા કરીશું. ત્યારબાદ આપણે સ્પેસ કમિશનમાં જઈશું. મહત્ત્વની વાત છે કે સ્પેસ કમિશન એ સ્પેસ સંબંધિત પ્રવૃત્તિઓ અંગે નીતિપૂર્ણ નિર્ણય લેવા માટેનું સર્વોચ્ચ મંડળ છે. મંગલ્યાન -૨ રોવર અથવા ઓર્બિટર હશે કે કેમ તે અંગેના સવાલ પર સિવનએ કહ્યું, અમે હમણાં ઓર્બિટર મિશન વિશે વિચારી રહ્યા છીએ. તેમણે કહ્યું, મંગલ્યાન -૨ એકમાત્ર ઓર્બિટર મિશન હશે. મંગલયાન -૧ નવેમ્બર ૨૦૧૩ માં મોકલવામાં આવ્યું હતું અને સપ્ટેમ્બર ૨૦૧૪ માં મંગળની કક્ષામાં પ્રવેશ્યું હતું. તે છ મહિના સુધી ચાલવા માટે બનાવવામાં આવ્યું હતું, પરંતુ તે હજી સાતમા વર્ષમાં સેવા આપી રહ્યું છે.

## કોરોના ઈફેક્ટ: અમેરિકા, કેનેડા અને મેક્સિકોએ ૨૧ માર્ચ સુધી પ્રતિબંધો લંબાવ્યા

વોશિંગ્ટન,તા.૨૦

ફોટો અર્જેન્ટિનાનો છે. અહીં, આરોગ્ય મંત્રાલયના સચિવ કારેલા વિઝોટ્ટી ઘરે-ઘરે જઈને કોરોનાનાં લક્ષણો વિશે માહિતી મેળવી રહ્યા છે. વેક્સિનેશનની વચ્ચે દુનિયાના અનેક દેશોમાં ફરી એક વખત કોરોનાના દર્દીઓ વધવાની ગતિ ઝડપી થઇ રહી છે. જેને ધ્યાનમાં રાખતા અમેરિકા, કેનેડા અને મેક્સિકોએ દેશમાં ૨૧ માર્ચ સુધી પ્રતિબંધોને લંબાવી દીધા છે. જે અનુસાર, અહીં રહેતા લોકો જરૂરી કામ સિવાય ટ્રાવેલ નહીં કરી શકે. લોકોએ પોતાના પ્રવાસનું કારણ ફરજિયાત જણાવવું પડશે.

અત્યાર સુધી તે પ્રતિબંધો ૨૧ ફેબ્રુઆરી સુધી જ લગાવાયા હતા. અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેને જાહેરાત કરી છે કે જુલાઇ સુધી દર અમેરિકને વેક્સિન મૂકવવી પડશે. તેમણે કહ્યું હતું કે સરકાર આ માટે પૂરી રીતે તૈયાર છે. આ બાબતે ફાઇઝરે કહ્યું હતું કે તે દર સપ્તાહે અમેરિકાને એક કરોડ ડોઝ આપવા માટે તૈયાર છે. અમેરિકામાં અત્યાર સુધીમાં સૌથી વધુ ૫.૭૦ કરોડથી વધુ લોકોને વેક્સિન આપવામાં આવી ચૂકી છે. બીજા નંબર પર ચીન છે, જ્યાં ૪ કરોડ લોકો સુધી વેક્સિન પહોંચી ચૂકી છે.

યૂરોપિયન યૂનિયનમાં અત્યાર સુધીમાં ૨.૪૫ કરોસ અને ભારતમાં ૧.૦૪ કરોડ લોકોને વેક્સિન લગાવવામાં આવી છે. સમગ્ર દુનિયામાં અત્યાર સુધીમાં ૧૧ કરોડ ૧૨ લાખથી વધુ લોકો સંક્રમણની ઝપેટમાં આવી ચૂક્યા છે.

જેમાં ૨૪ લાખ ૬૨ હજારથી વધુ લોકોના મૃત્યુ થયા છે, જ્યારે ૮ કરોડ ૬૧ લાખ લોકો સજા થઈ ચૂક્યા છે. ૨ લાખ ૨૬ હજાર દર્દીઓ હજી સારવાર હેઠળ છે. દુનિયામાં ૧૯ કરોડ લોકોને વેક્સિન આપવામાં આવી ચૂકી છે.

### પોલીસે તેના પર એક લાખ રૂપિયાનું ઇનામ પણ જાહેર કર્યું છે.

## લાલ કિલ્લામાં હિંસાના આરોપી લક્ખા સિંહે વીડિયો દ્વારા દિલ્હી પોલીસને આપી ચેલેન્જ

ન્યુ દિલ્હી,તા.૨૦

દિલ્હીમાં લાલ કિલ્લા હિંસામા માસ્ટર માઈન્ડ અને એક લાખ રૂપિયાના ઈનામી એવા પૂર્વ ગેંગસ્ટર લક્ખા સિંહ સિધાનાએ ફરી એકવાર ઉશ્કેરણીજનક વીડિયો શેર કર્યો છે. લક્ખાએ પોલીસને ખુલી ચેતવણી આપતા ૨૩મી ફેબ્રુઆરીએ વધુ એક પ્રદર્શનની જાહેરાત કરી છે. આ પ્રદર્શન ભઠિંડામાં કરવાની તેને ચેલેન્જ આપી છે વીડિયો દ્વારા તેણે આ પ્રદર્શનમાં પંજાબના વધુમાં વધુ યુવાઓને શામેલ થવા હાકલ કરી છે. લક્ખા સિંહ ૨૫ દિવસથી દિલ્હી પોલીસની સંતાઈને ભાગતો ફરે છે. તેના પર દિલ્હી પોલીસે એક લાખ રૂપિયાનું ઈનામ પણ જાહેર કર્યું છે. પોતાના ફેસબુક પર તેને એક વીડિયો પણ અપલોડ કર્યો છે. આ વીડિયોમાં તે પંજાબના લોકો અને યુવાઓને રીતસરનો ઉશ્કેરી રહ્યો છે.

વીડિયો કોઈ ટેંટની અંદર અને રાતના સમયે બનાવવામાં આવ્યો છે. ટેંટમાં અનેક લોકો ધાબળા ઓઢીને ઉંઘી રહ્યા હોવાનું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. વીડિયોમાં લક્ખા કહે છે કે, ૨૩ ફેબ્રુઆરીએ મોટી સંખ્યામાં લાખો લોકો પહોંચવા જોઈએ. ભઠીંડા જીલ્લાના મેજરાજા પિંડ (ગામ) માં આવો, અહીં જ પ્રદર્શન ગોઠવવામાં આવ્યું છે. આઓ મારા ભાઈઓ. મોટી સંખ્યામાં પ્રયાસ કરો જેથી કરીને ખબર પડે કે આપણે ખેડૂત આંદોલનની સાથે છીએ. પંજાબના ભઠિંડાના રહેવાસી લક્ઝા સિધાના ૨૬ નવેમ્બર, ૨૦૨૦થી જ સિંધુ બોર્ડર પર પ્રદર્શાનમાં શામેલ છે. સિધાના પર પંજાબમાં અનેક કેસ દાખલ છે અને તે અનેકવાર જેલમાં જઈ ચુક્યો છે. સિધાનાએ દાવો કર્યો હતો કે, તેણે અપરાધની દુનિયા છોડી દીધી છે. હવે તે સામાજીક કાર્યોમાં જોડાયો છે. તેણે વર્ષ ૨૦૧૨માં પીપલ્સ પાર્ટી ઓફ પંજાબના ચૂંટણી નિશાન પર વિધાનસભાની ચૂંટણી પણ લડી હતી. જોકે હવે આ પાર્ટી જ અસ્તિત્વમાં નથી. દિલ્હી પોલીસના જણાવ્યા પ્રમાણે ક્રાઈમ બ્રાંચ અને સ્પેશિયલ સેલની છ ટીમ લક્ખા સિંહની શોધખોળ કરી રહી છે. તેના માટે ૬ સપ્તાહ પહેલા ઈનામની જાહેરાત કરવામાં આવી હતી. માનવામાં આવે છે કે, તે સિંધુ બોર્ડર પર પ્રદર્શનકારીઓ વચ્ચે છુપાયેલો છે. ગત સપ્તાહે તે ટિકરી બોર્ડરના એક વીડિયોમાં દેખાયો હતો, પરંતુ સૂત્રોનું કહેવું છે કે, જાણી જોઈને આ વેડિયોમાં નજરે પડ્યો હતો જેથી કરીને તે પોલીસને ગેરમાર્ગે દોરી શકે.

# તંત્રી લેખ

## ભારત કોરોના રસી માટે વિશ્વમાં છવાયું ત્યારે દેશમાં મંદ ગતીએ કેસો વધવા તરફ......!

*વિશ્વભરમાં ભારતની કોરોના વેક્સિને અદકેરુ સ્થાન પ્રાપ્ત કરી લીધું છે અને લોકોમાં ભારે પ્રશંસા પામતા વિશ્વના ૫૦ જેટલા દેશોએ ભારત પાસે કોરોના વેક્સિનની માગ કરતા ભારત આ દેશોને રસી મોકલવા માટે તૈયાર કરી લીધી છે.વિશ્વભરમા રસી આપવામાં ભારત બીજા ક્રમે પહોંચી ગયું છે જ્યારે અમેરિકા પ્રથમ ક્રમે છે. દેશભરમાં કોરોના મંદ ગતિએ વધવાની શરૂઆત મહારાષ્ટ્ર રાજ્યથી થઈ ગઈ છે. જે ગુજરાતમાં વલસાડ જીલ્લામા પ્રવેશ ન કરે તે માટે તંત્રએ તાકીદના જરૂરી તમામ પગલાં ભર્યા છે. દેશભરમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૩,૯૭૩ નવા કેસ સામે આવ્યા છે અને કુલ કેસોનો આંક ૧,૦૯,૭૭,૩૮૭ પર પહોંચી ગયો છે. તો કોરોનામાંથી સાજા થઈ જનારાની સંખ્યા ૧,૦૬,૭૮,૦૪૮ થઈ છે. અને સારવાર હેઠળ ૧,૪૩,૧૨૭ દર્દીઓ છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧૦૧ કોરોના દર્દીઓ મૃત્યુ થતા કુલ મૃતાક ૧,૫૬,૨૧૨ થયો છે. આ સમયે મહારાષ્ટ્ર રાજ્યમાં ત્રણેક ધારાસભ્યો કોરોના પોઝિટિવ થવા સાથે ૫ હજાર લોકો કોરાનાની ચપેટમાં આવી જતા બીજો રાઉન્ડ શરૂ થવા જઈ રહ્યો હોય તેવી સ્થિતી રાજ્યભરમાં બનીને રહી છે. અને તેને કારણે સરકાર સાવચેત થઈ ગઈ છે. અમરાવતી, યવતમાલ, આકોલામાં સૌથી વધુ કેસો મળીને સમગ્ર મહારાષ્ટ્રમાં કોરોના કેસો ૫૦૦૦ થી આગળ વધી ગયા છે.*

*જ્યારે મુંબઈમાં કોરોના કેસોમાં વધારો થઈ જતા ત્યાં મ્યુ.કોર્પોરેશન પણ આકરા પગલા લઈ રહી છે. સમગ્ર મહારાષ્ટ્રમાં ૫૦૦૦ જેવા કેસો નોધાતા ત્યાંની સરકારે અમરાવતીમાં શનિવાર સાજથી કર્ફ્યુ નાખી દીધો છે જે સોમવાર સવાર સુધી અમલમાં રહેશે. મુંબઈમાં ૮૨૩ નવા કેસ નોંધાયા છે અને ૫ વ્યક્તિના મૃત્યુ થયા છે ત્યારે મુબઈ કોર્પોરેશન તંત્રએ દોડતું થઇ ગયું છે અને મુંબઈ શહેરની શાળા કોલેજો ખોલવાની હતી તે નહીં ખુલે તેવી સ્થિતિ બની રહી છે તે સાથે તંત્રએ કડક નિયંત્રણો લાદી દીધા છે અને નિયમો પણ જાહેર કરી દીધા છે જેમાં મુંબઈમાં હોમ ક્વોરન્ટાઈન કરેલ કોઈપણ વ્યક્તિ બહાર નીકળશે તો તેની સામે એફઆઈઆર નોધીને તે વ્યક્તિને નક્કી કરેલ ક્વોરેન્ટાઈન સેન્ટરમાં દાખલ કરી દેવામાં આવશે, તેમજ નિયમ ભંગ કરનારને ૬ માસની સજા અને દંડ કરવામાં આવશે. તથા જે બિલ્ડિંગમાં ૫ વ્યક્તિ કોરોના પોઝીટીવ મળી આવશે કે હશે તો તે સમગ્ર બિલ્ડિંગ સીલ કરી દેવામા આવશે અને તેઓને ખાવા સહિતની વ્યવસ્થા કરવામાં આવશે. દરમ્યાન ચેમ્બુરમા કોરોના ટેસ્ટિંગ હાથ ધરતા ચાર બિલ્ડીંગ સીલ કરી દેવામા આવ્યા છે.હવે બોરીવલીમાં મેડીકલ તપાસ શરૂ થનાર છે. મહારાષ્ટ્રના અમરાવતી,વર્ધામા શાળા-કોલેજો પર પાબંધી ફરમાવી દેવામા આવી છે.*

*ગુજરાતમાં રાજ્ય સરકારે મહારાષ્ટ્રના અમરાવતીમાં ફેલાયેલ કોરોના વલસાડ જીલ્લામા પ્રવેશી ન જાય તે માટે તંત્રએ વલસાડ આવતા પ્રવાસીઓનુ સ્કેનીંગ અને ટેસ્ટીગ ફરજીયાત કરી નાખ્યું છે કારણ અમરાવતી સાથે વલસાડ જીલ્લો વધુ સંપર્કમાં રહે છે.બીજી તરફ ગુજરાતના ડીસાના રામસમની એક શાળામાં ૯ વિદ્યાર્થી અને ૨ શિક્ષકઘ કોરોના પોઝિટિવ મળી આવતા ખળભળાટ વ્યાપી ગયો છે.તો અમદાવાદની થલતેજની એક શાળામાં પણ વિદ્યાર્થીઓ સહિત ૧૭ કોરોના ની ચપેટમાં આવી આવી જતાં સારવાર હેઠળ છે.આવા સમયમા સારા સમાચાર એ છે કે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી કોરાનાની ચપેટમાં આવી આવી ગયેલ અને હોસ્પિટલમાં ઈઝ કરવામાં આવેલ તેઓની સઘન સારવારને કારણે તેમની તબિયત સુધારા પર છે અને કદાચ શનિવારે રજા આપી દે તો તેઓ રાજકોટ કોરોના કિટ પહેરીને મતદાન કરવાના છે જ્યારે બીજી તરફ નર્મદા જિલ્લામાં કોરોના દર્દીઓને મતદાન કરવા માટે કિટ આપવાની વ્યવસ્થા કરવામાં આવી છે એટલે કે સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમા કોરોના દર્દીઓ મતદાન કરી શકે તે માટે ચૂંટણી તંત્રએ વ્યવસ્થિત આયોજન કર્યું છે.....!*

# સદાબહાર સુર - ૮

## અવિનાશ વ્યાસ

અવિનાશ વ્યાસ એવા ગીતકાર હતા જેમણે સર્વ વિદિત વિષયો પર ગીત રચના તો કરી છે અને સાથે કેટલાક એવા ગીતોની રચના પણ કરી છે જેમાં પત્થર-કોંક્રીટના બનેલા અડાબીડ જંગલ જેવા શહેરોની સૂરીલી શાબ્દિક ઓળખ થાય.

કહેવાય છે કે અવિનાશ વ્યાસ એક માત્ર એવા ગીતકાર-સંગીતકાર હતા જેમણે ગુજરાતના મોટા ભાગનાં શહેરો વિશે ગીતો રચ્યાં અને એ બધાં ગીતો અત્યંત લોકપ્રિય નિવડ્યા હતાં. સાવ સરળ અને લોકભોગ્ય બોલીમાં આ ગીતોનું લોકમાનસમાં વર્ષો સુધી અનેરું સ્થાન રહ્યું છે.

અવિનાશ વ્યાસનો જન્મ ખાડીયા રાયપુરમાં આવેલી ગોટીની પોળમાં થયો અને બાળપણ પણ એ ગોટીની પોળમાં વિત્યું એટલે સ્વાભાવિક છે કે અમદાવાદ પ્રત્યે એમને સવિશેષ પ્રેમ અને સન્માન હોય.

આ અમદાવાદનું મહત્વ એટલે છે કે અમદાવાદના સાબરમતીના તટ પરથી શરૂ થયેલી દાંડીકુચ ભારતને આઝાદી અપવાનું નિમિત્ત બની હતી. આ વાતને વણી લેતી એમની એક રચના છે જેને આપણે પણ ગર્વથી ગાવી જોઈએપ

અમે અમદાવાદીપ અમે અમદાવાદીપ

જેનુ પાણી લાવ્યુ તાણી ભારતની આઝાદીપ

ભાઇ, અમે અમદાવાદીપ અમે અમદાવાદી

અમદાવાનો ઈતિહાસ ભવ્ય હતો. આ એવા અમદાવાદની વાત છે જ્યાંના સસલાઓએ ડર્યા વગર શિકારી કુતરાઓનો સામનો કર્યો અને અહમદશા બાદશાહે આ શહેર વસાવ્યું. આમ તો આપણે પણ જાણીએ છીએ અમદાવાદ ભારતનું માંચેસ્ટર તરીકે ઓળખાતું એટલે એ મિલો અને કારખાનાઓથી ધમધમતા સમયની કલ્પના કરવી સાવ સહેલી છે. જરાક દૂરના ભૂતકાળ તરફ નજર કરીએ તો લાગે કે એ વાતને લઈને અવિનાશ વ્યાસે દાયકા પહેલાનાં અમદાવાદની અસલી ઓળખ આ ગીતમાં આપી છે.

અવિનાશ વ્યાસ કહે છે કે અહીં મિલનું ભુંગળું પહેલાં બોલતું અને પછી કૂકડો બાંગ પોકારતો. અહીં રોટલીનો ટુકડો રળવા સાઈકલ લઈને મિલ મજદૂર ભાગતા અને એ મિલ મજદૂરની મજદૂરીથી શહેરની આબાદી વધી.

અમદાવાદના જીવનનો સુણજો ઈતિહાસ ટચુકડો,

જ્યાં પેહલા બોલે મિલનુ ભુંગળુ પછી પુકારે કુકડો,

ને સાઇકલ લઇને સૌ દોડતા, રળવા રોટલીનો ટુકડો,

પણ મિલમંદિરના નગદેશ્વરનો રસ્તો કયાં છે ટુંકો,




મિલ મજદુરની મજદુરી પર શહેર તણી આબાદી,

ભાઇ, અમે અમદાવાદીપ અમે અમદાવાદી

જો કે આજના અમદાવાદને જોઈએ તો સવાલ થાય કે સાચે અમદાવાદ આવું હતું ખરું? એ મારું અમદાવાદ તો જાણે ક્યાંય ખોવાઈ ગયું.

અમદાવાદીઓની ફિતરત કેવી છે એ તો જગ જાહેર છે. અવિનાશ વ્યાસે અમદાવાદીઓના વલણની સાવ સાચૂકલી છબી દોરી છે. કહે છે કે અમદાવાદીઓ સમાજવાદી, કોંગ્રેસવાદી, શાહીવાદીને ટપી જાય એવા મૂડીવાદી છે પણ સાથે આપણે સૌ એ જાણીએ છીએ કે આ મૂડીવાદી અમદાવાદ જે ગુજરાતની આ એક સમયની રાજધાની હતી એ આઝાદીની ચળવળનું મધ્યબિંદુય હતું

અમદાવાદીઓ પાછા ખાવાનાય શોખીન. એમના એ શોખનો પણ અવિનાશ વ્યાસે ઉલ્લેખ કરતાં કહે છે કે આ ફાફડા જલેબીનાની જ્યાફતના શોખીનો ભલે લાગે સાવ સુકલકડી પણ હા, મિજાજના મક્કમ. ધારે તો ભલભલાની ગાદીને ઉથલાવવામાં એ પાછા ના પડે. અંગ્રેજોની ગાદી ઉથલાવવામાં મૂઠ્ઠીભર હાડકાના, સાવ સુકલકડી એવા બાપુ જ નિમિત્ત બન્યા હતા ને?

સમાજવાદીપ કોંગ્રેસવાદીપ શાહીવાદીપ મુડિવાદીપ.

નહિ સમિતિપ નહિ કમિટિપ નહિ સોશ્યાલિસ્ટની જાતીવાદીપ

નહિ વાદ ની વાદવિવાદીપ

'સ' વિટામિનવાદીપ

ભાઇ, અમે અમદાવાદીપ અમે અમદાવાદી

ઉડે હવામા ધોતિયુ ને પેહરી ટોપી ખાદી,

ઉઠી સવારે ગરમ ફાફડા ગરમ જલેબી ખાધી,

આમ જુઓતો સુકલકડી ને સુરત લાગે માંદી,

પણ મન ફાવેતો ભલભલાની ઉથલાવીદે ગાદી,

આ અમદાવાદીઓને પારખવા અઘરા એવું અમદાવાદનું, એ પણ સાવ અટપટું. અમદાવાદની પોળમાં જેમનું બાળપણ વિત્યું હોય એવા અવિનાશ વ્યાસે અમદાવાદની પોળની વાત કેવી મઝાની કરી છે?

અમદાવાદની અટપટી પોળોની વાત અવિનાશ વ્યાસે સાવ હળવાશથી આલેખી છે. કહે છે કે મુંબઈની મહિલા જેવા આ પોળોથી અજાણ છે એવા લોકો અહીં ચોક્કસ ભૂલા પડે. જવા નીકળે જમાલપુર અને માણેકચોક પહોંચે અને માણેકચોકમાંથી નિકળીને પાછા માણેકચોકમાં જ પહોંચે. આ હળવાશે લખેલી વાત જરા જુદી રીતે સાચી છે. અત્યારે આ વાત લખતાં વર્ષો પહેલાં સાંભળેલી વાત યાદ આવે છે કે જ્યારે અંગ્રેજોને હટાવવાની ચળવળ ચાલતી હતી ત્યારે છમકલા કરીને નાસી જવા એ ક્રાંતિકારી યુવાનો માટે પોળો આશીર્વાદ સમાન હતી. ક્યાંથી છટકીને ક્યાંય પહોંચી જતા અને અંગ્રેજ પલટન હાથ ઘસતી રહી જતી.

પોળની અંદર પોળ, ગલીમા ગલી, ગલી પાછી જાય શેરીમા ઢળી,

શેરી પાછી જાય પોળમા વળી, વળી પાછી ખડકીને અડકીને ખડકીને ગલી,

અરે મુંબઈની એક મહિલા જવા જમાલપુર નીકળી,

ને વાંકીચુકી ગલી-ગલીમા વળી વળી ને ભલી,

ભાઈ માણેકચોક થી નીકળી પાછી માણેકચોકમાં વળી,

આવીતો ભાઈ બહુ કેહવાનીપ આતો કહિ નાખી એકાદીપ

જો કે અવિનાશ વ્યાસે આવી એકાદી નહીં અમદાવાદ પર અન્ય રચનાઓ પણ કરી છે. ગુજરાત આવે ત્યાં ગરબા આવે. અવિનાશ વ્યાસે આ અમદાવાદને સરસ રીતે સનેડામાં ઢાળ્યો છે . સનેડો આવે તો સૌ તાનમાં આવી જાય ને?

હે કાંકરિયાની પાળે ને આથમતા અજવાળે, ને આંખડીયુંના ચાળે

મારો મીઠો મીઠો પ્રેમ કેરો હેલો સાંભળો જી રે, હો જી રે મારો હેલો સાંભળો જી રે..

આ સનેડામાં પોળની નહીં પણ પોળમાં રહેતી નારીની વાત જરા જુદી રીતે મુકી છે. કહે છે કે રાયપુરની રાણી ને સારંગપુરની શાણી, શાહીબાગની શેઠાણી નીકળે ત્યારે સૌ એમને ટીકી ટીકીને જોઇ રહે એવો તો એમનો ઠસ્સો હતો.

બની ઠનીને જયારે તમે પોળમાં નીકળતાં

ટીકી ટીકી જોનારાનાં હૈયા રે ઉછળતાંપ

રાયપુરની રાણી ને સારંગપુરની શાણી, શાહીબાગની શેઠાણી

મારો મીઠો મીઠો પ્રેમ કેરો હેલો સાંભળો જીપ..

અવિનાશ વ્યાસના ગીત, ગરબાની જેમ સનેડા માણવા જેવા ખરા.

હવે આગળ આપણે કરવાના છીએ અવિનાશ વ્યાસ રચિત અમદાવાદની અને અમદાવાદની તાસીરની જે અલગ અલગ રૂપે એમના શબ્દોમાં વણાઈ છે.




## સીએમ રૂપાણી આજે રાજકોટ આવી ગાઇડલાઇન મુજબ કરશે મતદાન, તંત્ર સજ્જ

અમદાવાદ,તા.૨૦

રાજયની મહાનગરપાલિકાઓ માટે આવતીકાલે ચૂંટણી યોજાશે. રાજયના લાખો શહેરી મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી અને લોકશાહીના પર્વમાં કોરોના કાળમાં મતદાન માટે જોડાશે. દરમિયાન રાજ્યના મુખ્યમંત્રી પણ આ ચૂંટણીમાં મત આપશે તેવા અહેવાલો સામે આવ્યા છે. છેલ્લા કેટલાક દિવસોથી અમદાવાદની યુ.એન. મહેતા હૉસ્પિટલમાં કોરોના સામે જંગ લડી રહેલા મુખ્યમંત્રી વિજય રૂપાણી કોરોનાની ગાઇડલાઇન મુજબ મતદાન કરશે. આજે મુખ્યમંત્રીનો આરટીપીસીઆર ટેસ્ટ કરવામાં આવશે અને ત્યારબાદ આ અંગેનો અંતિમ નિર્ણય જાહેર થાય તેવી વકી છે.મુખ્યમંત્રી વિજય રૂપાણી રાજકોટ શહેરના વોર્ડ નંબર ૧૦નાં મતદાર છે. તેઓ હાલમાં અમદાવાદમાં સારવાર લઈ રહ્યા છે. જોકે, કોરોનાના દર્દીઓ માટે પીપીઈ કીટમાં મતદાન કરવાની વ્યવસ્થા અગાઉ પણ કરવામાં આવી હતી.

## ૨૦૦૮ ના મારામારી કેસમાં જૂનાગઢના ધારાસભ્ય ભીખાભાઈ જોશી દોષી જાહેર

જુનાગઢ,તા.૨૦

વર્ષ ૨૦૦૮માં મેંદરડામાં થયેલી મારામારીના કેસમાં મેંદરડા કોર્ટે કોંગ્રેસના ધારાસભ્ય દોષિત જાહેર કર્યા છે. જુનાગઢના કોંગ્રેસના ધારાસભ્ય ભીખા જોશીને મેંદરડા કોર્ટે દોષી ઠેરવ્યા છે. ૨૦૦૮ ના કેસમાં કોર્ટે ૧ વર્ષની સજા અને પાંચ હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો છે. ભીખા જોશીએ ઉપલી કોર્ટમાં જવા જામીન અરજી કરી છે. ભીષાભાઈ જોશી ઉપલી કોર્ટમાં આ ચુકાદાને પડકારશે. વર્ષ ૨૦૦૮માં પંચાયતના સમયે મારામારી થઈ હતી. ત્યારે ભીખાભાઈ વિરુદ્ધ ફરિયાદ કરવામાં આવી હતી. મેંદરડા કોર્ટે ૧ વર્ષની સજા અને ૫૦૦૦ નો દંડ ફટાકાર્યો છે. તો આ મામલે ભીખાભાઈ જોશીએ કહ્યું કે, લોકચુકાદો તેને શિરોમાન્ય ગણું છુ.

તેનું સન્માન કરું છું. હું ઉપલી કોર્ટમાં જઈશ. ૨૦૦૮માં અમારા ગામમાં એક જ મુસ્લિમ કાકા હતા. હું ગામમાં ઘરે આવ્યો ત્યારે મારી માતાએ વૃદ્ધ કાકા તમને યાદ કરે છે તેવું કહ્યું. તો હું તેમને મળવા ગયો હતો. તેના બાદ તેમનુ નિધન થયું હતું. તેમના દીકરાને મેં સરપંચ બનવા મદદ કરી હતી. તેના બાદ તે હોદ્દાના રુએ ગામને લૂંટવા લાગ્યા. મારી રાજકીય કારકિર્દીને નુકસાન પહોંચાડીને મારી સામે કેસ કરાયો હતો. હું ઉપલી કોર્ટમાં આ ચુકાદાને પડકારીશ. ધારાસભ્યો અને સાંસદો સામેના કેસનો નિકાલ ઝડપી થાય તેવી ગાઈડલાઈનના અનુસંધાને હાલ રાજકારણીઓના કેસોને હાથમાં લેવાયા છે.

તેથી ભીખાભાઈનો કેસ પણ આ અંતર્ગત વહેલો લેવાયો હતો. તો બીજી તરફ, તાજેતરમાં જૂનાગઢ ખાતે મુખ્યમંત્રી વિજય રુપાણીના વિકાસ કાર્યોના કાર્યક્રમમાં કોંગ્રેસના ધારાસભ્ય ભીખા જોશી જોવા મળ્યાં હતા. જેને લઈને અટકળો તેજ થઈ હતી કે તેઓ ભાજપમાં જોડાય છે. આ અગાઉ કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા સરકારી કાર્યક્રમમાં દેખાયા હતા. જો કે ત્યાર બાદ થોડા સમયમાં પ્રદ્યુમનસિંહ જાડેજા ભાજપમાં જોડાઇ ગયા હતા. ત્યારે ભીખાભાઈ જોશીના પક્ષપલટાની અફવા પણ ઉડી હતી.

## જ્યારે સૂરજ ઢળતો હતો, એ રોજ ત્યાં મળતો હતો

**જ્યારે સૂરજ ઢળતો હતો, એ રોજ ત્યાં મળતો હતો**
**ખાનગીમાં જાણે શું શું કહેતો હતો, પ્રેમમાં પડ્યો હતો**
**હૈયે ટાઢક પામી કાયા મદમસ્ત ગુલાબી ખિલતો હતો**
**ઘંટનાદે થતી આરતીમાં લીન, તોય એને જો'તો હતો**
**મીન નયની હિરન ચાલમાં એ પણ સાથે ઝૂલતો હતો**
**જ્યારે સૂરજ ઢળતો હતો, એ રોજ ત્યાં મળતો હતો**
**મળે છે દિલ થી દિલ અહીં શાંત દરિયો ઘૂઘવતો હતો**
**પાલવડેથી વિખુટા પારેવડા, ચાંચોમાં ચાંચો પોરવતો**
**જ્યારે સૂરજ ઢળતો હતો, એ રોજ ત્યાં મળતો હતો**
**પૂરવાને જીવમાં જીવ ઢળી રહેલી ગઝલ નિરખતો'તો**
**પર્વ હતો કે હતી સાંજ રોજ રોજ આમ વળગતો હતો**
**જ્યારે સૂરજ ઢળતો હતો, એ રોજ ત્યાં મળતો હતો**
**થનગન નાચે રૂપ સુંદરી વહેતી સરિતા પીતો'તો**
**પ્રિયતમાના ટહુકારે એ લળી લળીને વહેતો હતો**
**જ્યારે સૂરજ ઢળતો હતો, એ રોજ ત્યાં મળતો હતો**
**નખરાળીની મિઠ્ઠી મિઠ્ઠી વાતો ને એ પૌંખતો હતો**
**જાય પ્રજવલ્લી શમ્મા, એવા મુકતક ટાંકતો'તો**
**જ્યારે સૂરજ ઢળતો હતો, એ રોજ ત્યાં મળતો હતો**
**પડખે અવળું સૂઈ પંપાળે તો સૂંવાળપ સૂંઘતો હતો**
**પૂરી રાખીયે શું શબ્દોને માળામાં કહીને ગાતો હતો**
**જ્યારે સૂરજ ઢળતો હતો, એ રોજ ત્યાં મળતો હતો**
**દિલે દીધા દાટી ઘાવ શબ્દોની આળમાં કહી રોતો હતો**
**પાડી દીધી આદત રોજની મારામાં આમ ડૂબતો હતો**
**જ્યારે સૂરજ ઢળતો હતો, એ રોજ ત્યાં મળતો હતો**
**સાંખે સંગે અંગેઅંગે, રંગ ઉઝરડા સ્મિતે ચૂંથતો હતો**
**તરફડે પરિંદુ નાદાન, પિંજરની જાળમાં ગૂંથતો'તો**
**જ્યારે સૂરજ ઢળતો હતો, એ રોજ ત્યાં મળતો હતો**

**રેખા શુક્લ.અમેરિકા**

## અંતરનાં આયનામાં.... (લેખાંક - ૪૦)

**વર્ષા જાની**



સાંપ્રત યુગનો રાજરોગ એટલે કેન્સર.

કેન્સર એટલે કર્કરોગ. સંકૃતમાં કરચલાને કર્ક કહેવાય. જેમ કરચલાને દરરોજ પગ વધે, એમ કેન્સરનો પણ શરીરમાં બહું જલદી ફેલાવો થાય છે!આજના સમયમાં આ રોગે બહું માથું ઉંચક્યું છે. કેન્સર પોતાના વિકરાળ પંજાથી ચોતરફ ફેલાઈ રહ્યું છે. એનાથી બચવા માટે દરેક વ્યક્તિએ જાગૃત બનવું જરુરી બને છે.

આપણી આધુનિક રહેણીકરણી, ખાણીપીણી અને અતિ આધુનિક ઉપકરણોને લીધે આ રોગ વધારે પ્રચંડ બની રહ્યો છે! એવું તમને નથી લાગતું? કેન્સર રુપી રાક્ષસોને નાથવા માટે એની સામે સક્ષમ પડકાર ઝીલવા પડશે. લોકોએ પોતાની જીવનશૈલી, ખાણીપીણી બદલવી પડશે. આ રોગના મૂળના સઘળા પાસાથી સુમાહિતગાર થવું પડશે.

કેન્સર એટલે શું? આવો દરેકના મનમાં પ્રશ્ન ઉદભવે એ સ્વાભાવિક છે.

જ્યારે શરીરના અમૂક ભાગના કોષો અનિયંત્રિત બનીને વૃદ્ધિ કરવા લાગે અને શરીરના અન્ય ભાગમાં ફેલાય અને જમા થવા લાગે ત્યારે એનાં માટે કેન્સર શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે. માનવશરીર અબજો કોષોનું બનેલું છે. આ કોષો જયારે જૂના થાય, નાશ પામે કે ઈજાગ્રસ્ત થાય ત્યારે તે સ્થાનના તંદુરસ્ત કોષો પોતાની વૃદ્ધિ દ્વારા નાશ પામેલા કોષોનું સ્થાન લઈ લે છે. આ રીતે આપણા શરીરમાં કોષોનો ઘસારો પૂરવાની અને વૃદ્ધિની પ્રક્રિયા સતત ચાલતી રહે છે આ પ્રક્રિયામાં કોષોનું વિભાજન થાય છે કોષવિભાજનની આ પ્રક્રિયા પર કોષકેન્દ્રમાં આવેલા જનીન તત્વોનું નિયંત્રણ રહે છે. જેનાં કારણે કોષો યોગ્ય સ્થાન અને યોગ્ય સંખ્યામાં જ વિભાજન કરી શકે. અને શરીરના અવયવો તેમજ પેશીઓનું કાર્ય વ્યવસ્થિત રીતે જળવાઈ રહે છે. જો શરીરના કોઈપણ સ્થાનના કોષો બહું ઝડપથી વધવા લાગે તો શરીરનું સ્વાસ્થ્ય ખોરવાઈ જાય. આ રીતે કેન્સર એ કોષ વિભાજન અને કોષવૃદ્ધિની વિષમતાથી પેદા થતો રોગ છે.

બેરોકટોક વધતા કેન્સરના કોષો પહેલા તો તે અવયવની શ્થાનિક પેશીઓ પર જોખમ ઊભું કરે છે!પછી તે પોતાનું સ્થાન છોડીને રક્ત પ્રવાહમાં કે લસીકા પ્રવાહમાં ભળીને શરીરના અન્ય ભાગોમાં પ્રસરવા લાગે છે. અને પછી ગાંઠ બની જાય છે.

જો કે શરીરમાં જોવા મળતી દરેક ગાંઠ કેન્સરની જ હોય,એવું હોતું નથી.આવી ગાંઠ બે પ્રકારની હોય છે.૧. નિર્દોષ કેન્સર કોષો, ગાંઠ ૨. કેન્સર ગ્રસ્ત તંદુરસ્ત કોષો, ગાંઠ

નિર્દોષ ગાંઠ - નિર્દોષ ગાંઠ કેન્સરના ચિહનો ધરાવતી હોતી નથી. તેનાં કોષો કેન્સરના કોષોની જેમ શરીરના અન્ય ભાગમાં ફેલાતા નથી. નિર્દોષ ગાંઠને સર્જરી કરી સંપૂર્ણ રીતે દૂર કરી શકાય. તે પછી મોટાભાગે ફરી થતી નથી. સામાન્ય રીતે તે સ્વાસ્થ્ય માટે ખાસ કોઈ ગંભીર હાનિ કરતી નથી. કે જોખમ પેદા કરતી નથી.જો કે અમૂક વખતે આવી નિર્દોષ ગાંઠ કાઢ્યા પછી ફરી પણ થતી જોવા મળે મળે છે. ઉપરાંત તેનું કદ મોટું થાય તો તેની આસપાસની પેશીઓ પર દબાણ કરી દુખાવો પણ કરે છે. પણ તે કેન્સરની ગાંઠની માફક શરીરમાં બધે ફેલાતી નથી. કે જીવલેણ નીવડતી નથી.

કેન્સરની ગાંઠ - કેન્સરની ગાંઠ ભારે ઉપદ્રવ કરનારી હોય છે. તે ખૂબ ઝડપથી મોટી થાય છે તે રક્ત અને લસીકા દ્વારા શરીરના દુરદૂરના ભાગોમાં પ્રસરવા લાગે છે. આનાથી કેન્સરની નવી ગાંઠો પેદા થાય છે!આ રીતે કેન્સર શરીરના અન્ય ભાગોમાં પણ ફેલાવા લાગે છે. આમ આ રીતે પ્રસરવાની પ્રક્રિયાને Metastasis કહેવામાં આવે છે. સર્જરી, રેડિએશન, દવા આ બધી ચિકિત્સાથી કાબુમાં આવી શકે છે. પણ કેન્સરની ગાંઠ ગમે ત્યારે ઉથલો પણ મારી શકે છે! અને ઘણીવાર જીવલેણ પણ સાબિત થાય છે.

કેન્સર શરીરના કોઈપણ ભાગમાં થઈ શકે છે. માત્ર વાળ, દાંત, નખ આ ત્રણને બાકાત રાખી શકાય.

ટૂંકમાં કેન્સરના અનેક પ્રકાર છે. કેટલાંક કેન્સર ખૂબ ઝડપી વધે છે તો કેટલાંક ધીમી ગતિએ. કેન્સર થવાનાં ઘણાં કારણો છે.

વર્ષા જાની,ભાવનગર
૨૧ ફેબ્રુઆરી,૨૦૨૧

# કોંગ્રેસે ઉમેદવારો ઉભા ન રાખતા ભાજપના બંને ઉમેદવારો બિનહરીફ જીત્યા

ગાંધીનગર,તા.૨૦

ગુજરાતને વધુ બે રાજ્યસભા સાંસદ મળી ગયા છે. ભાજપના બંને ઉમેદવાર રામ મોકરિયા અને દિનેશ પ્રજાપતિ બિનહરીફ વિજેતા થતા રાજ્યસભાના સાંસદ બન્યા છે. કોંગ્રેસે ઉમેદવારો ઉભા ન રાખતા ભાજપના બંને ઉમેદવારો બિનહરીફ થયા હતા. તો ભાજપના બંને ડમી ઉમેદવારોએ પણ ફોર્મ પરત ખેંચ્યા છે. ત્યારે સોમવારે બંને ઉમેદવારોને વિજેતાના સર્ટિફિકેટ અપાશે.

રાજ્યસભામાં ગુજરાતની કુલ ૧૧ બેઠક છે, આ પૈકીની સૌથી વધુ ૭ બેઠક હાલ ભાજપ પાસે હતી, જ્યારે બાકીની બેઠકો કૉંગ્રેસ પાસે હતી. ભાજપમાંથી પરસોતમ રૂપાલા, મનસુખ માંડવિયા, નરહરિ અમીન, અભય ભારદ્વાજ, રમીલા બારા, ડૉ.એસ.જયશંકર અને જુગલજી ઠાકોર રાજ્યસભાના સાંસદ છે. તો કૉંગ્રેસમાંથી શક્તિસિંહ ગોહિલ, અમીબેન યાજ્ઞિક, નારણસિંહ રાઠવા, અહેમદ પટેલ રાજ્યસભાના સાંસદ હતા, જેમાંથી ભાજપના રાજ્યસભાના સાંસદ અભય ભારદ્વાજ અને કોંગ્રેસના સાંસદ અહેમદ પટેલનું તાજેતરમાં નિધન થયું હતું. ત્યારે હવે બંને ઉમેદવારો બિનહરીફ થતા ભાજપની ૮ બેઠકો થઈ. તો કોંગ્રેસના ૩ સાંસદ થયા છે. આ સાથે જ રાજ્યસભામાં ભાજપનું સંખ્યાબળ વધ્યું છે.

૧૮ ફેબ્રુઆરીના રોજ રાજ્યસભાની ચૂંટણીની ઉમેદવારી કરવાનો દિવસ હતો. જેમાં ભાજપના બંને ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા. પરંતુ છેલ્લી ઘડી સુધી કોંગ્રેસ દ્વારા કોઈ ઉમેદવાર જાહેર કરવામાં આવ્યા ન હતા. કોંગ્રેસને રાજ્યસભાની ચૂંટણીમાં જીતની આશા ન હોવાથી તે ઉમેદવાર નહિ રાખે તે સ્પષ્ટ હોવાથી કોંગ્રેસે કોઈ ઉમેદવારને ચૂંટણીમાં ઉભા રાખ્યા ન હતા. કારણ કે, રાજ્યસભાની ચૂંટણી માટે એક જાહેરનામાને બદલે અલગ અલગ જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું હતું. જેથી કોંગ્રેસ પાસે જીત માટે પૂરતા ધારાસભ્યોનું સંખ્યાબળ નથી. આથી કોંગ્રેસ પોતાની હાર ભાળી ગઈ હતી.

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩, ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ઘર નં. ૨૬૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર-અમદાવાદ-૩૮૦ ૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.
Owner, Printer, Publisher & Editor Shri Pradip Raval, Printed : Sarvoday Offset, 13, Gajanan Estate, Nr. Idgah Chowkey, Ahmedabad • Published : 2567, Gozaria Pole, Nr. Halim Khadki, Shahpur, Ahmedabad-380001

CYMK